પોલીસ કમિશનરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષ શાખા, ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Email:Spl1-ahd@gujarat.gov.in

:- જાહેરનામું -:

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.
નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/ ૯૬ /૨૦૨૬. તા. ૦૫/૦૯/૨૦૨૬

વંચાણે લીધા:-

(૧) સંયુક્ત સચિવ શ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગરના પત્ર ક્રમાંક: પસબ-૦૬૦૯-૨૦૨૬-૨૭-પ.સં. તા.૨૭/૦૮/૨૦૨૬.

(૨) નાયબ સચિવ શ્રી ગુજરાત ગૌણ સેવા પસંગી મંડળના પત્ર ક્રમાંક: ભરતી/૧૦૨૦૨૬/ સ્ટાફ/03/ખ.૧/પાર્ટ-૧ તા.૩૧/૦૮/૨૦૨૬.

(૧) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા.૦૬/૦૯/૨૦૨૬ના રોજ વહીવટી અધિકારી વર્ગ-૨ (જા.ક્ર.૩૮/૨૦૨૬-૨૭) સબંધિત વિષયની પ્રાથમિક કસોટી **(1) SWASTIK HIGHER SECONDARY SCHOOL CENTER-A, OPP MOTERA GAM, MOTERA STADIUM ROAD, MOTERA,, AHMEDABAD (2) SWASTIK HIGHER SECONDARY SCHOOL CENTER-B, OPP MOTERA GAM, MOTERA STADIUM ROAD. MOTERA,, AHMEDABAD (3) SAKAR ENGLISH SCHOOL, NR CHANAKYA PLAZA NEW CG ROAD CHANDKHEDA AHMEDABAD (4) SABARMATI HIGHER SECONDARY SCHOOL UNIT-1, NR. BANSIDHAR PART-II, OPP. SHILPA SOCIETY, 'D CABIN, CHANDKHEDA, AHMEDABAD-380019 (5) SABARMATI HIGHER SECONDARY SCHOOL UNIT-2, NR. BANSIDHAR PART-II, OPP. SHILPA SOCIETY, 'D CABIN, CHANDKHEDA, AHMEDABAD-380019 (6) HIRAMANI UCHCHATAR MADHYAMIK SHALA (GUJARATI MEDIUM), MANIDEN HIRALAL AMIN VIDYA SANKUL, OPP. NIRMA UNIVERSITY, SG HIGHWAY, CHHARODI, AHMEDABAD-382481 (7) ST MARY'S SCHOOL, OGNAJ NEAR VASANTNAGAR TOWNSHIP, SARKHEJ GANDHINAGAR HIGIWAY, GOTA-VADSAR ROAD, OGNAJ, AHMEDABAD (8) SARASWATI VIDHYAMANDIR, SOLA SCIENCE CITY ROAD, NEAR TO SOLA OVERDRIDGE, SOLA, AHMEDABAD-380060 (9) MANGALDEEP VIDHYALAYA UNIT-1, RANIP ACHALESWAR MAHADEV ROAD, NEAR UMIYANAGAR, OPP, SWAMINARAYAN PARK, RANIP, NAVA VADAJ ROAD, RANIP, AHMEDABAD-382480 (10) MANGALDEEP VIDHYALAYA UNIT-2, RANIP ACHALESWAR MAHADEV ROAD, NEAR UMIYANAGAR, OPP, SWAMINARAYAN PARK, RANIP, NAVA VADAJ ROAD, RANIP, AHMEDABAD-382480 (11) SHREE SWAMINARAYAN INTERNATIONAL SCHOOL, ENGLISH MEDIUM UNIT-1, NEAR GST UNDER PASS, KASHI VISHVANATH MAHADEV TEMPLE RANIP, AHMEDABAD (12) SIREE SWAMINARAYAN INTERNATIONAL SCHOOL, QUJARATI MEDIUM UNIT-2, NEAR GST UNDER PASS, KASHI VISHVANATH MAHADEV TEMPLE RANIP, AHMEDABAD (13) GITA HIGHER SECONDARY SCHOOL, OPPOSITE KALPTARU FLAT, ACHALESHWAR MAHADEV ROAD, RANIP, AHMEDABAD-382480 (14) MG SCIENCE INSTITUTE CENTER A, DADA SAHEB MAVLANKAR CAMPUS, OPPOSITE GUJARAT UNIVERSITY, NAVRANGPURA, AHMEDABAD-380009 (15) MG SCIENCE INSTITUTE CENTER B, DADA SAHEB MAVLANKAR CAMPUS, OPPOSITE GUJARAT UNIVERSITY, NAVRANGPURA, AHMEDABAD-380009 (16) LM COLLEGE OF PHARMACY,**

OPPOSITE GUJARAT UNIVERSITY, NAVRANGPURA, AHMEDABAD-380009 (17) SMT AP PATEL ARTS & NP PATEL COMMERCE COLLEGE NARODA, PK PATEL VIDYA SANKUL, NARAYANNAGAR BUS STAND ROAD, NEAR COMMUNITY HEALTH CENTRE, BEHIND KUMAR SHALA, NARODA AHMEDABAD (18) NV PATEL VIDYA MANDIR, PK PATEL VIDYA SANKUL, NEAR COMMUNITY HEALTH CENTRE, NARAYANNAGAR BUS STAND ROAD, NARODA, AHMEDABAD (19) NAVYUG VIDHYALAYA, NEAR SHIV KRUPA SOCIETY, CENAL ROAD, MOHAN NAGAR ROAD, OPP DEVI CINEMA, NARODA, AHMEDABAD-332330 (20) AKSHAR VIDHYAVIHAR GIRLS HIGH SCHOOL,NEAR VIJAY PARK BUS STAND, NATIONAL HIGHWAY NO 08, OPPOSITE BRTS, ANKUR SOCIETY, KRUSHNNAGAR, SAJPUR-BOGHA, AHMEDABAD (21) GAYATRI VIDHYALAY, PAYAL NAGAR, NARODA, NEAR PAYAL NAGAR, DEVI CINEMA ROAD, MADHAV GARDEN, NARODA, AHMEDABAD 392330 (22) GOVERNMENT COMMERCE COLLEGE NARODA AHMEDABAD, BEHIND JANSEVA KENDRA, NR. MANOHAR VILLA CROSS ROAD, NIKOL-NARODA ROAD, NIKOL AHMEDABAD-382345 (23) SM HINDI HIGHER SECONDARY SCHOOL, CENTRE-A, NARODA NIKOL ROAD, NA SHYAMAL PARK, ORCHID ELIGLANCE, MANOHAR VILLA CHAR RASTA, NAVA NARODA, AHMEDABAD-352330 (24) SMHINDI HIGHER SECONDARY SCHOOL, CENTRE-B, NARODA NIKOL ROAD, NA SHYAMAL PARK, ORCHID ELIGLANCE, MANOHAR VILLA CHAR RASTA, NAVA NARODA, AHMEDABAD-352330 (25) SAGAR VIDHYALAYA, MURLIDHAR SOCIETY, NR VYASWADI, OPPOSITE NOBLE SCHOOL, KATHAVADA ROAD, NARODA, AHMEDABAD-382330 ખાતે ના કેન્દ્રો ઉપર કલાક ૧૧/૦૦ થી ૧૩/૦૦ સુધી અમદાવાદ શહેરના કુલ-૨૫ (પચ્ચીસ) પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે.

(૨) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતીની પરીક્ષા તા.૦૭/૦૯/૨૬ થી તા.૦૯/૦૯/૨૬ ના રોજ કલાક ૧૫/૦૦ થી કલાક ૧૮/૦૦ તથા કલાક ૦૯/૦૦ થી ૧૨/૦૦ દરમ્યાન અમદાવાદ શહેરના **IOM DIGITAL ZONE IDS-1 ODHAV Shree Vireshvar Infotech 2nd and 3rd floor Siddhivinayak Arcade Odhav** ખાતેના પરીક્ષા કેન્દ્ર ખાતે યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું અનુપમ સિંહ ગહલૌત પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનર તથા નાયબ પોલીસ કમિશનર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઇલ અને અન્ય ઇલેક્ટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઇ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઇપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઇ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઇપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

આ હુકમ (૧) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાનાર વહીવટી અધિકારી વર્ગ-૨ની પરીક્ષા માટે તા.૦૬/૦૯/૨૦૨૬ના રોજ સવાર કલાક ૦૯/૦૦ થી કલાક ૧૫/૦૦ સુધી. તથા (૨) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા લેવાનાર વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતીની પરીક્ષા માટે તા.૦૭/૦૯/૨૬ થી તા.૦૯/૦૯/૨૬ ના રોજ કલાક ૦૭/૦૦ થી કલાક ૨૦/૦૦ સુધી પરીક્ષાના દિવસો દરમ્યાન અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ- ૦૫/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

<u>સવિનય નકલ રવાના:</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઇન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૪) મ્યુનિસીપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૫) કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ.

(૬) નિયામકશ્રી, માહિતી વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

(૮) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ.

(૯) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર(ગ્રામ્ય), અમદાવાદ.

(૧૦) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૧) અધિક / સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફિક, વહીવટ, મુખ્ય મથક, સેકટર-૨ અમદાવાદ શહેર.

(૧૨) અધિક / સંયુકત પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૧, ક્રાઇમ બ્રાંચ અમદાવાદ શહેર.

(૧૩) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.

(૧૪) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઇન્ટે), અમદાવાદ શહેર.

(૧૫) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશનરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૧૬) મેનેજરશ્રી ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.

(૧૭) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર.

(૧૮) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ.)

(૧૯) પોલીસ ઇન્સ્પેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર, (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી જાહેરાત કરાવવા સારૂ.)

(૨૦) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (શહેર), જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.

(૨૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (ગ્રામ્ય) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ભોયતળીયે બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.

(૨૨) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૩) ના.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)